આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતલ શૈશ્વવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૧-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## ડેંગ્યુ મંત્રણા

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ દેશમાં ડેંગ્યુને ફેલાતો રોકવા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે મંત્રણા કરી હતી. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે જણાવ્યું કે, ડેંગ્યુને ફેલાતો અટકાવવા માટે મંત્રાલય યોજનાઓ તૈયાર કરી રહ્યું છે અને રાજ્યો સાથે સંકલન કરી રહ્યું છે.

તેમણે જણાવ્યું કે આરોગ્ય મંત્રાલય ચોવીસ કલાકની ડેંગ્યુ હેલ્પલાઇન શરૂ કરશે અને રાજ્યોને પણ આગામી ચાર-પાંચ દિવસમાં આવી હેલ્પલાઇન શરૂ કરવા જણાવ્યું છે.

શ્રી નડ્ડાએ ઉમેર્યું કે, યોજનાના સુસંકલન માટે આરોગ્ય મંત્રાલય શિક્ષણ, હાઉસિંગ અને શહેરી વિકાસ જેવા મંત્રાલયો સાથે આંતર-ક્ષેત્રીય અને આંતર-વિભાગીય બેઠકો યોજશે. શ્રી નડ્ડા આગામી બે દિવસમાં ડેંગ્યુનાં સૌથી વધુ કેસો ધરાવતા રાજ્યો સાથે પણ બેઠક યોજશે.

તેમણે કેન્દ્રીય હોસ્પિટલોને ડેંગ્યુ સારવાર વોર્ડ તૈયાર કરવા નિર્દેશ આપ્યો હતો.

**(NSD)**

--------------------------------------------------------------------------------

## મેલેરિયા ફ્રિ ગુજરાત

રાજ્ય સરકારે ગુજરાતને આગામી વર્ષ 2030 સુધીમાં મેલેરિયામુક્ત કરવાનો નિર્ધાર કર્યો છે. સરકાર “મેલેરિયામુક્ત ગુજરાત 2030” અભિયાન હેઠળ મેલેરિયાનું નિર્મૂલન કરવા સક્રિય રીતે કામગીરી હાથ ધરી છે. રાજ્યના તમામ

જિલ્લા અને મહાનગરોમાં એક હજારની વસતિએ મેલેરિયાના કેસનું પ્રમાણ વર્ષ 2027 સુધીમાં શૂન્ય સ્તરે લઈ જવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.

જંતુનાશક દવા છંટકાવ કામગીરી અંતર્ગત આ વર્ષે રાજ્યમાં જૂન મહિના સુધીમાં 22 જિલ્લાના મેલેરિયા માટે સંવેદનશીલ કુલ 218 ગામમાં 45 હજાર 355 ઘરને આવરી લેવાયા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકામાં "હાઉસ ટૂ હાઉસ" અભિયાન 2 તબક્કાઓમાં હાથ ધરવામાં આવ્યું છે.

રાજ્યમાં 492 વેક્ટર કન્ટ્રોલ ટીમ મંજુર કરવામાં આવી છે, જે હાલમાં તમામ જિલ્લા અને મહાનગરપાલિકાઓમાં વાહકજન્ય રોગ અટકાયતની કામગીરી કરી રહી છે.

**(RNU અમદાવાદ)**

---

## ગુજરાત કેબિનેટ બેઠક

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં વરસાદ, સહકારી મંડળી, ખેલ મહાકુંભ, GMERS ફી વધારા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મંત્રીમંડળની બેઠકમાં થયેલી ચર્ચા અંગે માધ્યમોને માહિતી આપી હતી.

**(RNU અમદાવાદ)**

---

## વરસાદ –બિયારણનો જથ્થો

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ગઈકાલની સ્થિતિએ રાજ્યમાં કુલ 8.79 ઈંચ વરસાદ નોંધાયો છે, જે સરેરાશ વરસાદના 25.30 ટકા છે. રાજ્યના 89 તાલુકામાં 2થી પાંચ ઈંચ, 82 તાલુકામાં 5થી 10 ઈંચ, 54 તાલુકામાં 10થી 20 ઈંચ, જ્યારે 24 તાલુકામાં 20થી 39 ઈંચ વરસાદ નોંધાયો છે.

શ્રી પટેલે જણાવ્યું કે, આ વર્ષે અત્યાર સુધીમાં કુલ 40.26 લાખ હેક્ટર એટલે કે, 47.04 ટકા જમીનમાં વાવેતર થયું છે

વધુમાં તેમણે જણાવ્યું કે, આ ખરીફ ઋતુમાં ડાંગર, મકાઈ, બાજરા, મગ, અડદ, તુવેર, મગફળી, તલ, દિવેલા, સોયાબીન અને કપાસ જેવા મુખ્ય પાકની કુલ 13 લાખ 20 હજાર 240 ક્વિન્ટલ બિયારણની જરૂરિયાત સામે રાજ્યમાં 15 લાખ 45 હજાર 65 ક્વિન્ટલ બિયારણનો જથ્થો ઉપલબ્ધ છે. આ ઋતુ માટે વાવેતર હેતુ બિયારણનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે.

**(RNU અમદાવાદ)**

---

## પશુઓનું રસીકરણ

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ચોમાસામાં અબોલ પશુઓને રોગચાળાથી રક્ષણ આપવા અત્યાર સુધીમાં 1.54 કરોડ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. "નેશનલ એનિમલ ડિસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ" અંતર્ગત આ કામગીરી ચાલી રહી છે.

શ્રી પટેલે ઉમેર્યું કે, ઈયર ટેગિંગ દ્વારા પશુધનને આગવી ઓળખ આપવાની કામગીરીમાં ગુજરાત રાજ્ય અવ્વલ છે. અત્યાર સુધીમાં 2.46 કરોડ મોટા પશુઓ અને 11 લાખ ઘેટાં-બકરા મળીને કુલ 2.57 કરોડ પશુઓનું ઈયર ટેગિંગ કરીને ઓળખ આપવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---

## વરસાદની આગાહી

હવામાન ખાતાની આગાહી અનુસાર આજે  બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહિત ઉત્તર ગુજરાત મધ્ય ગુજરાત તેમ જ દક્ષિણ ગુજરાતનાં ઘણા સ્થળોએ તો કચ્છ અને સૌરાષ્ટ્રના અમુક સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

દરમ્યાન ગઈકાલે પશ્ચિમ કચ્છના રવાપર અને લખપત પંથકમાં અડધો ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. આ સિવાય મોટા ભાગનો જિલ્લો વાદળોના પડાવ વચ્ચે કોરો રહ્યો હતો. ભેજના ઉંચા પ્રમાણના પગલે બફારો જારી રહ્યો હતો.

લખપત તાલુકાના દયાપર,ઘડુલી, નરા, વર્માનગર, એકતાનગર, પાન્ધ્રો, નાની વિરાણી, માતાનામઢ સહિતના ગામોમાં વાતાવરણમાં ગરમી વચ્ચે બપોર બાદ વરસાદ પડ્યો હતો. તાલુકાના વર્માનગર એકતાનગર વિસ્તારમાં વરસાદનું જોર વધુ હતું. વરસાદ બાદ ગરમીનું પ્રમાણ વધારે રહ્યું હતું.

**(RNU/શીતવ શૈક્ષવ/NP)**

----------------------------------------------------------------------